# લઘુમતી વંશીય વૃદ્ધ લોકો માટેની રહેઠાણ અને સંબંધિત સેવાઓ માટેનું ઑડિટ સાધન

HOP DEV
Housing and Older People Development Group

## ઍટ હોમ (ઘરમાં)

### અશ્વેત અને લઘુમતી વંશીય જૂથોના વૃદ્ધ લોકો તેમના રહેઠાણ વિશેના અભિપ્રાયોની આપ-લે કઇ રીતે કરી શકે છે :

- શું આપ અશ્વેત અને લઘુમતી વંશીય જૂથના વૃદ્ધ વ્યક્તિ છો ?
- આપનું ઘર કેવું છે ?
- આપ જ્યાં રહો છો તે જગ્યા આપને ગમે છે ?
- આપના ઘર અથવા જ્યાં આપ રહો છો તે જગ્યાની એવી કોઇ બાબતો છે જે આપને બદલવી છે ?
- શું આપને આપના અત્યારના ઘરમાં રહેવામાં સહાયની જરૂર છે પરંતુ આપ નથી જાણતા કે કયા પ્રકારની સહાય મળી શકે છે ?
- શું આપ ઘર બદલવા માગો છો પરંતુ નથી જાણતા કે કયા વિકલ્પો ઉપલબ્ધ છે ?
- આપની ભાષા, સંસ્કૃતિ અથવા વંશીય મૂળના કારણે શું આપ કોઇ ખાસ મુશ્કેલીઓનો સામનો કરો છો ?

આ પ્રશ્નોના જવાબો સ્થાનિક સંગઠનોને આપની જરૂરિયાતો પૂરી કરતું હોય તેવું રહેઠાણ અને સહાય સેવાઓ પૂરી પાડવામાં મદદ કરી શકે છે.

આ કામને સારી રીતે પાર પાડવા માટે તેઓને વૃદ્ધ લોકો અને સ્થાનિક વિસ્તારોમાં વૃદ્ધ લોકોનું પ્રતિનિધિત્વ કરતા જૂથો સાથે વાત કરવી પડે. એટલે કે તમારા સાથે વાત કરવી - અને ઉપર આપેલા પ્રશ્નો જેવા પ્રશ્નો પૂછવા.

આપને અને સ્થાનિક સ્તરે સેવાઓ પૂરી પાડતા સંગઠનોને મદદ કરવા માટે હાઉસિંગ એન્ડ ઓલ્ડર પીપલ ડેવલપમેન્ટ (HOPDEV) જૂથે સૅલફર્ડ યૂનિવર્સિટી સાથે મળીને ઍટ હોમ (ઘરમાં) નામનું 'ઑડિટ સાધન' વિકસાવ્યું છે.

ઍટ હોમના અલગ અલગ ભાગ છે. આમાંનો પહેલો ભાગ રહેઠાણ તેમજ રહેઠાણ સહાય સેવાઓ બાબતે આપના અભિપ્રાયો અને અનુભવો વિશે અને આપ શું બદલવા માગો છો તે જાણવા વિશે છે. અન્ય ભાગો હાલમાં કઇ સેવાઓ સ્થાનિક સ્તરે પૂરી પાડવામાં આવે છે તેવા કેટલાક મુદ્દાઓ પર અને માહિતી અને સેવાઓની સુગમતા પર કેંદ્રિત છે.

આમાંનો કોઇ પણ ભાગ કે તમામ ભાગો પૂરા કરતા સંગઠનો ફેરફારો માટેની કાર્ય યોજના ઘડશે. જો આપ આમાંના કોઇ પ્રશ્નોનો જવાબ આપવા સાથે સંકળાયા હો તો આપ પછીના તબક્કાઓમાં પણ સંકળાવવાનો આગ્રહ કરી શકો છો.

જો આપને ઑડિટ સાધન જોવું હોય તો આપ http://hopdev.housingcare.org વેબસાઇટ પરથી ઇંગ્લિશ આવૃત્તિ ડાઉનલોડ કરી શકો છો. જો આપને એમાં રસ પડે અને આપ રહેઠાણ તેમજ રહેઠાણ સહાય પૂરી પાડતા અથવા તે માટેની નાણાકીય સહાય આપતા સ્થાનિક સંગઠનના સંપર્કમાં પહેલેથી રહ્યા હો તો આપ એમને પૂછી શકો છો કે તેઓ ઍટ હોમનો ઉપયોગ કરશે કે કેમ.

અમે આશા રાખીએ કે ઍટ હોમનો ઉપયોગ આપને અશ્વેત અને લઘુમતી વંશીય જૂથના એક વૃદ્ધ વ્યક્તિ તરીકે રહેઠાણ અને રહેઠાણ સહાય અંગે આપની જરૂરિયાતો અને ઇચ્છાઓ વ્યક્ત કરવામાં મદદ કરશે અને આપને પૂરી પાડવામાં આવતી સ્થાનિક રહેઠાણ અને સહાય સેવાઓની પદ્ધતિમાં ફેરફાર લાવશે.